ફોજદારી પરચુરણ અરજી નંબર ૧૯૯/૨૦૨૬

મોરબી સીટી એ ડીવી પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૮૯૦૦૩૨૫૧૬૧૬/૨૦૨૫ ના કામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૯૮,૫૪ તથા પશુ સંરક્ષણ અધિનિયમની કલમ ૬(એ),૮(૪) મુજબના ગુન્હાના કામે આરોપી સીકદર ગફાર સંધવાણી ઉ.વ.૩૧ રહે.માળીયા મિયાણા વાડા વિસ્તાર જુના રેલ્વે સ્ટેશનની પાછળ,તા.માળીયા જી.મોરબીવાળાઓની જામીન અરજી તળે હુકમ ::–

.........................................................................................................

આરોપી તરફે રજૂ કરેલ સદર અરજી તથા સદર અરજી તળે વિ.સ્પે.એ.પી.પી.શ્રી વી.કે.મકવાણાનો શેરો વંચાણે લીધો કેસ પેપર્સ વંચાણે લીધા, આરોપી તર્ફે વિ.વ.શ્રી વી.એમ.વાધેલા તેમજ ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા.

આરોપી તરફે વિ. વ.શ્રી વી.એમ.વાધેલાએ રજૂઆત કરતા જણાવેલ છે કે, આ કામના આરોપીને હાલના ગુન્હાના કામે ખોટી રીતે સંડોવી દીધેલ છે. આરોપી માળીયાના સ્થાનિક રહેવાસી હોય અને કયાંય નાશી ભાગી જાય તેમ ન હોય આરોપીને યોગ્ય શરતોને આધિન યોગ્ય રકમના જામીન પર મુકત કરવા અરજ કરેલ છે.

ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ રજૂઆત કરતા જણાવેલ છે કે, આ કામના આરોપી વિરુધ્ધ ૧૦ વર્ષ અથવા આજીવન સજાને પાત્ર ગંભીર પ્રકારનો અને સમાજને અસરકર્તા ગુન્હો હોય સજાની જોગવાઈ તથા ગુનાની ગંભીરતા ધ્યાને લઈ આરોપીની હાલની આ જામીન અરજી નામંજૂર કરવા અરજ કરેલ છે.

આરોપી તર્ફે રજૂ થયેલ સદર અરજીના કારણો, આરોપી સામે આક્ષેપાયેલ ગુનો, ગુનાના પ્રમાણના સંદર્ભમાં તા.૦૪/૦૯/૨૦૧૭ ગુજરાત સરકારના નોટીફીકેશન નં. જી.એચ.કે.એચ.–૧૫૭–૨૦૧૭–સીડીએસ–૧૩–૨૦૧૭–૪૩૬–પી.–૧ વંચાણે લેતાં આક્ષેપાયેલ ગુનામાં મહતમ સજાની જોગવાઈ આજીવન કેદને પાત્ર તથા ઓછામાં ઓછી ૧૦ વર્ષની સજાની જોગવાઈનો સુધારો તા.૦૪/૦૯/૨૦૧૭ ના રોજ અમલમાં આવેલ હોય તે તથા આરોપીના ગુનાના આચરણના કારણે શહેરમાં કાયદો અને વ્યવસ્થા પર થતી નકારાત્મક અસર ધ્યાને લેતાં સદર અરજી તળે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

આરોપી તર્ફે રજૂ કરેલ સદર જામીન અરજી નામંજૂર કરવામાં આવે છે.

આ હુકમ આજ તા. ૧૦, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૦/૦૩/૨૦૨૬<br>
સ્થળ : મોરબી

(બી.વી.સંચાણીયા)<br>
ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ<br>
મોરબી<br>
જીજે ૦૦૭૪૫